તારાંકિત પ્રશ્ન　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2175

વિષય:

સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની ફરજ બજાવતા કર્મચારીઓને કામગીરી સોંપવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: 23/01/2024 | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 14/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 02/02/2024 |
|---|---|---|

*15/4/2175　　　　શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર(ચાણસ્મા)

માર્ગ અને મકાન અને પાટનગર યોજના જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની સેવા બજાવતા કર્મચારીઓને કઈ કચેરી દ્વારા ફરજ બજાવવાની કામગીરી સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કર્મચારીઓની નિમણુંક સીધી સરકારે કચેરી દ્વારા આપવામાં આવે છે કે કોઈ એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારી દીઠ કેટલી રકમ કોને ચુકવવામાં આવે છે,

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કયા દરથી કેટલા કર્મચારીઓની સેવાઓ લેવામાં આવી, કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૫) સંબંધિત એજન્સી કર્મચારીઓને પુરતું મહેનતાણું ચુકવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ?

----